દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
રવિવાર ૨૬ જુલાઈ, ૨૦૨૬

સોશિયલ મીડિયાને કારણે દુનિયામાં અનેક આંદોલન સફળ રહ્યાં છે

ભારતમાં ભાજપ સરકારમાં કોઇ મંત્રીએ રાજીનામું આપવું પડે તે વાત કલ્પના બહારની છે પણ એવું થયું છે. આ સફળતાનો શહેરો યુવાનો પર જાય છે. સોશિયલ મીડિયામાં તેનો એટલો પ્રચાર થયો કે અંતે મોદી સરકારે ઝુકવું પડ્યું છે. જો કે, અગાઉ સોશિયલ મીડિયાને કારણે દુનિયાના અનેક આંદોલન સફળ રહ્યાં છે. 2009માં ઇટાલીમાં શરૂ થયેલી એક ચળવળે ત્યાંના રાજકારણમાં એક નવો વિકલ્પ રજૂ કર્યો. તેની શરૂઆત હાસ્ય બ્લોગર બેપ્પે ગ્રિલો દ્વારા કરવામાં આવી હતી.

તેમણે ખરેખર 2005ની શરૂઆતમાં જ મીટઅપ જેવા સોશિયલ નેટવર્કિંગ પ્લેટફોર્મનો ઉપયોગ કરીને લોકોને એકસાથે લાવવાનું શરૂ કર્યું હતું. સમાન વિચારધારા ધરાવતી વ્યક્તિઓ ભેગી થતી અને પર્યાવરણીય અને અન્ય નીતિગત ફેરફારોની ચર્ચા કરતી. ધીમે ધીમે, પ્રતિભાવ વધતો ગયો. પછી, 2007માં તેમણે એક બ્લોગ દ્વારા ભ્રષ્ટ રાજકીય વર્ગ સામે વ્યંગ્યાત્મક આંદોલન વી-ડે શરૂ કર્યું. આ આગળનું પગલું હતું. ત્યાર પછી સ્વચ્છ સંસદની માગણીઓ થઈ, એટલે કે ગુનાહિત અથવા ભ્રષ્ટ પૃષ્ઠભૂમિ ધરાવતા પ્રતિનિધિઓની ગેરહાજરી. વધુમાં, ચૂંટણી પ્રક્રિયામાં સુધારાની માગણીઓ પણ ઊભી થઈ, અને તેને વ્યાપક સમર્થન મળ્યું. 2009માં, તેમણે રાજકારણમાં પ્રવેશવાનો નિર્ણય કર્યો. લોકોને એક કરવા માટે ઇન્ટરનેટનો ઉપયોગ કરીને, તેમણે ફાઇવ સ્ટાર મૂવમેન્ટ (M5S) પાર્ટીની સ્થાપના કરી. તેણે તેનું ચાર્ટર પ્રકાશિત કર્યું અને સીધી લોકશાહી લાગુ કરવા અને સ્થાપિત રાજકારણને નકારવાનું વચન આપ્યું. ઘણા સામાજિક કાર્યકરો, પર્યાવરણવાદીઓ અને અર્થશાસ્ત્રીઓએ તેમાં ભાગ લીધો હતો. શરૂઆતમાં સ્થાનિક ચૂંટણીઓમાં ભાગ લઈને, તેમણે રાષ્ટ્રીય સ્તરે પોતાનો પ્રભાવ વિસ્તાર્યો. 2013ની ઇટાલીની રાષ્ટ્રીય ચૂંટણીમાં આ પક્ષ બીજા ક્રમનો સૌથી મોટો પક્ષ બન્યો હતો.

2011ની આસપાસ સ્પેનમાં શરૂ થયેલી ઇન્ડિગ્નાડોસ 15-એમ આંદોલન, આર્થિક અસમાનતા, ભ્રષ્ટાચાર અને પરંપરાગત બે-પક્ષીય રાજકીય વ્યવસ્થા સામે જાહેર વિરોધ હતો. ઇન્ડિગ્નાડોસનો અર્થ ગુસ્સે ભરાયેલા, અસંતુષ્ટ નાગરિકો થાય છે. તે સમયે આ ગુસ્સાનાં ઘણાં કારણો હતાં. 2008ની મંદી દરમિયાન, ઘણા કરકસરનાં પગલાં અમલમાં મુકાયાં હતાં. જોકે, નાગરિકો રાજકીય ભ્રષ્ટાચાર પણ જોઈ રહ્યા હતા. બેરોજગારી વધી ગઈ. વિવિધ સ્પેનનાં શહેરોમાં વિરોધપ્રદર્શનો ફાટી નીકળ્યાં હતા. ત્યાર બાદ આ ચળવળ સીધી રાજકારણમાં પ્રવેશી. 2014માં, પાબ્લો ઇગ્લેસિયસ સહિત યુનિવર્સિટીના પ્રોફેસરો અને કાર્યકરોના એક જૂથે પોડેમોસ નામના રાજકીય પક્ષની સ્થાપના કરી. ત્યાર બાદ તેઓ ચૂંટણી મેદાનમાં ઊતર્યા હતાં. સ્પેનમાં હંમેશાં બે-પક્ષીય રાજકીય માળખું રહ્યું છે. કોઈ ત્રીજો વિકલ્પ નહોતો. પોડેમોસે તે વિકલ્પ પૂરો પાડ્યો. તેમને ચૂંટણીમાં પણ સફળતા મળી. 2020માં તેઓએ સ્પેનિશ સોશિયાલિસ્ટ વર્કર્સ પાર્ટી (પીએસઓઇ) સાથે ગઠબંધન સરકાર બનાવી હતી.

2010ની આસપાસ, એવા અહેવાલો સામે આવ્યા કે ગ્રીસ નાણાકીય મુશ્કેલીમાં છે. આ યુરોપિયન દેશ મોટા દેવા સંકટનો સામનો કરી રહ્યો હતો, જેની પગાર અને પેન્શન પર અસર પડી હતી. આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળે આર્થિક કટોકટીનાં કડક પગલાં લાદ્યાં, અને ગ્રીક નાગરિકો આ મુશ્કેલીઓથી ગુસ્સે થયા. આના કારણે પરિસ્થિતિ સામે વ્યાપક વિરોધપ્રદર્શનો થયાં. આ વિરોધ પ્રદર્શનોમાંથી કોઈ નવો પક્ષ ઊભરી આવ્યો નહીં. જોકે, એક નાનો, અસ્તિત્વમાં રહેલો પક્ષ 'સિરીઝા' બન્યો, નેતૃત્વ પૂરું પાડ્યું અને દેશમાં એક મહત્ત્વપૂર્ણ રાજકીય પક્ષ બની ગયો. 2015ની ચૂંટણીમાં આ પક્ષે લગભગ 35 ટકા મત મેળવ્યા અને એલેક્સિસ સિપ્રાસ વડા પ્રધાન બન્યા હતા.

ભારતના પાડોશી દેશ બાંગ્લાદેશમાં વર્ષ 2024માં નોંધપાત્ર ઊથલપાથલ થઈ. આ યુવાનોની સરકારમાં પરિવર્તનની ઇચ્છા અને સ્થાપિત રાજકીય નેતૃત્વ પ્રત્યેના તેમના ગુસ્સાને કારણે હતું. અહીં 'જેન-ઝી'એ સોશિયલ મીડિયાથી આ ચળવળ શરૂ કરી અને તેને પોતાના હાથમાં લીધી. આનું કારણ એક એવું બિલ હતું જેમાં સ્વાતંત્ર્ય સેનાનીઓના પરિવારો માટે સરકારી નોકરીઓમાં અનામત ચાલુ રાખવાની જોગવાઈ હતી. આ ક્વોટા મોટા ભાગના યુવાનોને સ્વીકાર્ય ન હતો. આનાથી તત્કાલીન વડાં પ્રધાન શેખ હસીનાના નેતૃત્વ હેઠળના શાસક પક્ષ અવામી લીગ સામે લોકોનો આક્રોશ ભડકી ઊઠ્યો, જેઓ પહેલાથી જ ચૂંટણી પ્રણાલીમાં દખલગીરી અને ભ્રષ્ટાચારના આરોપોનો સામનો કરી રહ્યાં હતાં. વિરોધપ્રદર્શનો હિંસક બન્યાં, જેના કારણે હસીનાને દેશ છોડીને ભાગી જવાની ફરજ પડી.

બાંગ્લાદેશનાં વિરોધપ્રદર્શનો હવે સમાચારમાં નથી. જોકે, બીજા એક ભારતના પાડોશી દેશ નેપાળમાં સપ્ટેમ્બર,2025માં સોશિયલ મીડિયા દ્વારા 'જેન-ઝી' આંદોલન ફેલાયું, જે અંતે એક તખ્તાપલટની સ્થિતિ સુધી પહોંચ્યું.

નેપાળના યુવાનો આર્થિક અસમાનતા અને ઘટતી રોજગારીની તકો અંગે સોશિયલ મીડિયા પર પોતાનો ગુસ્સો વ્યક્ત કરી રહ્યા હતા. તેઓ રાજકીય નેતાઓનાં બાળકો પર પોતાનો ગુસ્સો ઠાલવી રહ્યા હતા, જેમને 'નેપોકિડ્સ' તરીકે ઓળખવામાં આવે છે.

સરકારે ફેસબુક, યૂટ્યૂબ અને ઇન્સ્ટાગ્રામ પર પ્રતિબંધ મૂક્યો, જેના કારણે લોકોમાં ભારે રોષ ફેલાયો. નેપાળ લાંબા સમયથી રાજકીય રીતે અસ્થિર રહ્યું છે, પરંતુ સત્તા સતત અમુક ચોક્કસ લોકો પાસે જ બદલાતી રહી છે. આનાથી અસંતોષ પણ વધ્યો હતો.

આ ગુસ્સો આખરે રસ્તાઓ પર ભડકી ઊઠ્યો. વ્યાપક હિંસા અને આગચંપી થઈ. વિરોધ કરનારા લોકો સંસદમાં પણ ઘસી ગયા. ઘણા રાજકીય નેતાઓ અને મંત્રીઓ પર હુમલો કરવામાં આવ્યો. વડા પ્રધાન કેપી શર્મા ઓલીને રાજીનામું આપવાની ફરજ પાડવામાં આવી.

આ અસ્થિરતા પછી વિરોધપ્રદર્શન કરનારા લોકોએ નેપાળના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ સુશીલા કાર્કીને આગામી ચૂંટણી સુધી વચગાળાનાં વડાં પ્રધાન બનવા વિનંતી કરી.

કાર્કીએ થોડા સમય માટે વડાં પ્રધાન તરીકે સેવા આપી હતી. ત્યાર બાદ નેપાળમાં માર્ચ 2026માં બીજી ચૂંટણી યોજાઈ હતી.

વિરોધીઓએ ભૂતપૂર્વ રેપર અને રાજધાની કાઠમંડુના મેયર બાલેન શાહ અને તેમની રાષ્ટ્રીય સ્વતંત્રતા પાર્ટીને ટેકો આપ્યો. શાહ બહુમતીથી ચૂંટાયા અને નેપાળના વડા પ્રધાન બન્યા.

ઝેન મઠના નવા શિષ્યનો ગુસ્સો

એક ઝેન મઠમાં ઝેનગુરુ પાસે ઘણા બધા શિષ્યો જ્ઞાન મેળવી રહ્યા હતા. ઝેન મઠનો નિયમ હતો કે બધાએ પોતાનું કામ જાતે કરવું અને મઠના બધા કામ પણ શિષ્યો વચ્ચે વહેચવામાં આવ્યા હતા.

એક નવો આવેલો શિષ્ય બહુ મહેનતુ હતો અને તે પોતાને સોંપેલા બધા કામ કરતો અને ઘણા કામ કોઈ ન ચીંધે તો પણ કરી દેતો.પણ બીજા શિષ્યો તેના કરેલા કામ પોતે કર્યા છે તેવું કહી દેતા એટલે નવા શિષ્યને બહુ ગુસ્સો આવતો પણ તે કઈ બોલી શકતો નહિ અને મનમાં ને મનમાં ઘૂંઘવાતો રહેતો.

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

આજે નવો યુવાન શિષ્ય પોતાના એક સાથી શિષ્ય પર ખૂબ ગુસ્સે હતો, કારણ કે તેણે મહેનતથી બગીચો સાફ કર્યો હતો પણ તે સાફ સફાઈનું શ્રેય બીજા શિષ્યએ પોતે લઈ લીધું હતું. અને ઝેન ગુરુએ જેણે કામ કર્યું ન હતું તે શિષ્યના વખાણ પણ કર્યા આથી નવા શિષ્યને બહુ વધુ ખરાબ લાગ્યું અને ગુસ્સામાં તે ગુરુ પાસે ફરિયાદ કરવા ગયો.

ગુરુએ તેની બધી ફરિયાદ શાંતિથી સાંભળી અને કહ્યું, જા, એક કાગળ લે અને તારો બધો ગુસ્સો તેના પર લખી નાખ. જે પણ મનમાં આવે, કોઈ પણ સંકોચ વગર લખ. નવા શિષ્યએ કલાકો સુધી લખ્યું – પોતાનો રોષ, પોતાની પીડા, બધું જ કાગળ પર ઠાલવી દીધું.

અને તે કાગળ લઈને ગુરુ પાસે પાછો આવ્યો, ગુરુએ કહ્યું, હવે આ પત્ર બગીચામાં જઈને, વૃક્ષ નીચે, જમીનમાં દાટી દે. નવા શિષ્યએ એવું જ કર્યું. થોડા દિવસો પછી ગુરુએ પૂછ્યું, હવે કેવું લાગે છે? નવા શિષ્યએ કહ્યું, ગુસ્સો આવે છે પણ ઘણો ઓછો થઈ ગયો છે, ગુરુજી અને જ્યારે ગુસ્સો આવે છે હું કાગળ પર બધું લખી જમીનમાં દાટી દઉં છું.

ઝેન ગુરુએ સમજાવ્યું, ગુસ્સાને મનમાં રાખીએ તો તે નુકસાન કરે છે, ભાર કાઢીએ તો તે સબંધ ખરાબ કરે છે પણ જો કાગળ પર લખીએ તો તે મનની બહાર નીકળે છે, અને જમીનમાં દાટવાથી તું તેને ભૂલી જવાનું શીખે છે – ન દબાવવાનું, ન બીજા પર ઠાલવવાનું.

ગુસ્સાને દબાવવો કે બીજા પર ઠાલવવો, બંને નુકસાનકારક છે. તેને લખીને વ્યક્ત કરવો અને પછી છોડી દેવો એ જ સાચો માર્ગ છે તે ઝેન ગુરુએ સમજાવ્યું.

અમેરિકા અને ઈરાન વચ્ચેનો કરાર કેમ પડી ભાંગ્યો?

વર્લ્ડ વૉચ
ડૉ. જયનારાયણ વ્યાસ

જૂન મહિનામાં અમેરિકા અને ઈરાન વચ્ચે એક સમજૂતી થઈ હતી, જેનો ઉદ્દેશ્ય લડાઈ અટકાવવાનો, હોર્મુઝની ખાડીને વેપાર માટે ખુલ્લી રાખવાનો અને વધુ વાટાઘાટો માટે ૬૦ દિવસનો સમય મેળવવાનો હતો. પરંતુ આ કરાર ટક્યો નહીં. આજે અમેરિકા અને ઈરાન ફરી એકબીજા પર મિસાઈલ અને ડ્રોન હુમલા કરી રહ્યા છે અને વેપાર માર્ગો બંધ થઈ ગયા છે.

આ નિષ્ફળતા આશ્ચર્યજનક નથી. આ કરારે બંને દેશો વચ્ચેના સૌથી મોટા અને ગંભીર વિવાદોના મૂળ સુધી જઈને ઉકેલ લાવવાને બદલે માત્ર મુદ્દાઓને મુલતવી રાખ્યા હતા. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની આ કાર્યશૈલી રહી છે. ગાઝા સંઘર્ષ અને 'અબ્રાહમ અકોર્ડ્સ'માં પણ આ જ ટ્રાન્ઝેક્શનલ નીતિ અપનાવવામાં આવી હતી, જેમાં તમામ પક્ષોને ટૂંકા ગાળાના ફાયદા તો મળ્યા, પરંતુ પેલેસ્ટાઈન જેવા મૂળભૂત પ્રશ્નો વણઉકેલાયેલા રહ્યા.

ટ્રાન્ઝેક્શનલ કૂટનીતિ શું છે અને તેની મર્યાદાઓ શું છે?

જ્યારે નેતાઓ લાંબા ગાળાના સંસ્થાગત માળખાં કે નીતિઓ ઊભી કરવાને બદલે માત્ર વ્યક્તિગત સંબંધો અને તાત્કાલિક કરારો પર ધ્યાન કેન્દ્રિત કરે છે, ત્યારે તેને ટ્રાન્ઝેક્શનલ કૂટનીતિ (Transactional Diplomacy) કહેવામાં આવે છે.

આ રીતે નેતાઓ ઝડપી પરિણામો લાવ્યા હોવાનો દેખાવ કરી શકે છે અને લાંબી કૂટનીતિક પ્રક્રિયા વિના તાત્કાલિક તણાવ ઘટાડી શકે છે. પરંતુ આ સંઘર્ષનો કાયમી ઉકેલ નથી. જ્યારે અંદરથી વિવાદો સળગતા રહે છે, ત્યારે તે ગમે ત્યારે મોટા વિસ્ફોટમાં ફેરવાઈ શકે છે. વર્તમાન સમય ઘણી રીતે ૧૯૧૪ના પ્રથમ વિશ્વયુદ્ધ પૂર્વેના સમય જેવો લાગે છે.

તે સમયે પણ યુરોપિયન નેતાઓ લાંબા ગાળાની શાંતિના નિયમોને અવગણીને માત્ર ટૂંકા ગાળાના વ્યૂહાત્મક ફાયદા અને રાજકીય શ્રેય મેળવવા પાછળ દોડ્યા હતા. જ્યારે એક નાની ઘટના બની, ત્યારે આખી વ્યવસ્થા વેરવિખેર થઈ ગઈ અને લાખો લોકોએ જીવ ગુમાવ્યા. આજે મધ્યપૂર્વમાં પણ અલગ-અલગ દેશોના જૂથો મજબૂત બની રહ્યા છે અને અવિશ્વાસનું વાતાવરણ ઊભું થઈ રહ્યું છે, જે ભવિષ્યમાં મોટા યુદ્ધનું જોખમ ઊભું કરી શકે છે.

ગલ્ફ દેશોના નેતાઓ શરૂઆતમાં ટ્રમ્પની આ સોદાબાજીની શૈલીથી ખુશ હતા, કારણ કે તેમને વ્હાઇટ હાઉસ સુધી સીધી પહોંચ મળી રહી હતી. પરંતુ જ્યારે ઈઝરાયેલ દ્વારા કતાર પર હુમલા અને ત્યારબાદ અમેરિકા-ઈરાન વચ્ચેના સીધા યુદ્ધ જેવી વાસ્તવિક કટોકટી ઊભી થઈ, ત્યારે આ ગલ્ફ દેશોને સમજાયું કે વ્હાઇટ હાઉસ સાથેના વેપારી સંબંધો તેમને સુરક્ષાની કોઈ ગેરંટી આપતા નથી.

ઈરાને જવાબી હુમલા કરીને ગલ્ફ દેશોના ઊર્જા ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને શિપિંગ માર્ગોને ભારે નુકસાન પહોંચાડ્યું.

કાયમી ઉકેલ શું હોઈ શકે?

માત્ર મર્યાદિત સોદાબાજી કરવાથી મધ્યપૂર્વમાં ક્યારેય શાંતિ નહીં આવે. કાયમી શાંતિ માટે વ્યાપક રાજકીય સમજૂતી જરૂરી છે.

ઈરાન તેના પરમાણુ કાર્યક્રમ અને યુરેનિયમ સંવર્ધન પર મર્યાદા સ્વીકારે, તેના બદલામાં તેને આર્થિક પ્રતિબંધોમાં રાહત મળવી જોઈએ.

અમેરિકા અને ઇઝરાયેલે નવા હુમલા નહીં કરવા અંગે વિશ્વસનીય ખાતરી આપવી જોઈએ.

હોર્મુઝની ખાડીમાં જહાજોની મુક્ત અવરજવર સુનિશ્ચિત કરવા માટે મજબૂત અને સર્વસ્વીકૃત નિયમો ઘડવા જોઈએ.

રાન અને ગલ્ફ દેશો સહિત મધ્યપૂર્વના તમામ દેશોએ પરસ્પર આક્રમણ નહીં કરવાના અને એકબીજાના આંતરિક મામલાઓમાં હસ્તક્ષેપ નહીં કરવાના સિદ્ધાંતો પર કામ કરવું જોઈએ.

જો આ પ્રકારનું વ્યાપક માળખું ઊભું કરવામાં નહીં આવે, તો આ પ્રદેશ કાયમી સંઘર્ષની સ્થિતિમાં ધકેલાઈ જશે, જે વૈશ્વિક અર્થવ્યવસ્થા અને સમગ્ર વિશ્વ માટે નુકસાનકારક સાબિત થશે.

આ વૈશ્વિક ઉથલપાથલ અને બદલાતા સમીકરણો વચ્ચે એક વાત સ્પષ્ટ છે કે માત્ર વેપારી સોદાઓ કે અસ્થાયી કરારોથી કાયમી શાંતિ અથવા આર્થિક સ્થિરતા પ્રાપ્ત થઈ શકતી નથી.

મધ્યપૂર્વથી લઈને વૈશ્વિક બજાર સુધીના તમામ પ્રદેશોમાં કાયમી શાંતિ અને સહકાર સ્થાપવા માટે વ્યાપક સંસ્થાગત માળખાં, પારદર્શક નીતિઓ અને પરસ્પર વિશ્વાસ પર આધારિત દીર્ઘકાલીન રણનીતિ અપનાવવી અનિવાર્ય છે.

ગાઝા સંઘર્ષ અને 'અબ્રાહમ અકોર્ડ્સ'માં પણ આ જ ટ્રાન્ઝેક્શનલ નીતિ અપનાવવામાં આવી હતી, જેમાં તમામ પક્ષોને ટૂંકા ગાળાના ફાયદા તો મળ્યા, પરંતુ પેલેસ્ટાઈન જેવા મૂળભૂત પ્રશ્નો વણઉકેલાયેલા રહ્યા

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

શું અનશન આજે પણ સત્તાને ઝુકાવી શકે?

તાજેતરમાં પર્યાવરણવિદ્ સોનમ વાંગચુકે લદ્દાખના પર્યાવરણના રક્ષણ અને તેને બંધારણની છઠ્ઠી અનુસૂચિમાં સામેલ કરવાની માંગ સાથે દિલ્હીમાં લાંબા સમય સુધી કરેલા ઉપવાસે દેશભરના લોકોને હચમચાવી દીધા છે.

અત્યંત પ્રતિકૂળ હવામાનમાં અને સતત નબળી પડતી તબિયત વચ્ચે પણ તેમનું અનશન ચાલુ રહ્યું, જેના કારણે તેમની કિડની અને હૃદય પર ભારે દબાણ આવ્યું હોવાના તબીબી અહેવાલો સામે આવ્યા હતા.

આ સ્થિતિએ સમગ્ર દેશને ચિંતામાં મૂકી દીધો હતો. સમાજનો એક મોટો વર્ગ આજે એ વિચારી રહ્યો છે કે શું આજના ડિજિટલ યુગમાં સત્તા સુધી પોતાનો અવાજ પહોંચાડવા માટે એક દેશભક્ત નાગરિકે પોતાનો જીવ જોખમમાં મૂકવો પડે?

લોકો સોશિયલ મીડિયાથી લઈને રસ્તાઓ સુધી વાંગચુકના સમર્થનમાં આવ્યા, જે દર્શાવે છે કે જ્યારે પ્રશ્ન માતૃભૂમિના અસ્તિત્વનો હોય ત્યારે જનતા આજે પણ સંવેદનશીલ બને છે. આ ઘટનાએ ફરી એકવાર એ ચર્ચાને જીવંત કરી દીધી છે કે શું આજના સમયમાં અનશન ખરેખર કોઈ મોટો સામાજિક કે રાજકીય સુધારો લાવી શકે છે?

આ પ્રશ્નનો ઉત્તર મેળવવા માટે આપણે ઇતિહાસના પાનાઓ પણ ઉથલાવવા પડે. સ્વતંત્રતા સંગ્રામથી લઈને આધુનિક ભારતના ઘડતર સુધી 'અનશન' એ માત્ર અન્નનો ત્યાગ નથી, પરંતુ અન્યાય સામે લડવાનું એક પ્રબળ નૈતિક શસ્ત્ર રહ્યું છે.

જ્યારે શાસકો સમક્ષ સામાન્ય જનતાનો અવાજ કચડી નાખવામાં આવતો, ત્યારે અનશન એ આત્માનો અવાજ બનીને ઉભરતું હતું. ભૂતકાળમાં આ માધ્યમ દ્વારા દેશમાં સામાજિક અને રાજકીય પરિવર્તનની અનેક મોટી લહેરો આવી છે, જેણે આખા દેશને એક તાંતણે બાંધીને જાગૃત કરવાનું કામ કર્યું હતું.

ભૂતકાળની વાત કરીએ તો, મહાત્મા ગાંધીએ સત્યાગ્રહના ભાગરૂપે અહિંસક પ્રતિકાર તરીકે ઉપવાસને સર્વોચ્ચ સ્થાન આપ્યું હતું. વર્ષ ૧૯૩૨માં થયેલા 'પુણે કરાર' વખતે ગાંધીજીના અનશને દેશના સામાજિક તાણાવાણાને બદલવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. આ જ રીતે, આઝાદી પછી વર્ષ ૧૯૫૨માં પોટ્ટી શ્રીરામુલુએ અલગ આંધ્રપ્રદેશ રાજ્યની માંગણી માટે ૫૬ દિવસ સુધી આમરણ ઉપવાસ કર્યા હતા, જેના કારણે ભાષાવાર રાજ્યોની પુનઃરચનાનો પાયો નખાયો હતો. ત્યાર પછીના દાયકાઓમાં પણ આ શસ્ત્ર એટલું જ પ્રભાવશાળી રહ્યું.

વર્ષ ૨૦૧૧માં અન્ના હજારેના નેતૃત્વમાં થયેલા ભ્રષ્ટાચાર વિરોધી આંદોલન અને અનશને આખા દેશના યુવાનો અને મધ્યમ વર્ગને એકતાના તાંતણે બાંધી આંદોલનમાં સક્રિય કરી દીધા હતા, જેના પરિણામે તત્કાલીન સરકારને નમીને 'લોકપાલ બિલ' પસાર કરવાની દિશામાં આગળ વધવું પડ્યું હતું. આ ઉદાહરણો સાબિત કરે છે કે ભૂતકાળમાં અનશને સત્તાધીશોને જાગૃત કરવા અને પ્રજાલક્ષી નિર્ણયો લેવા માટે મજબૂર કર્યા હતા.

પરંતુ સવાલ એ થાય છે કે, શું આજના આધુનિક ભારતમાં અનશનથી વાસ્તવિક સુધારો લાવી શકાય ખરો? આજની સામાજિક અને રાજકીય પરિસ્થિતિઓ ભૂતકાળ કરતાં સાવ અલગ છે. આજના સમયમાં અનશનથી સુધારો લાવવો પહેલા જેટલો સરળ નથી રહ્યો અને તેના માટે મુખ્યત્વે ત્રણ પરિબળો જવાબદાર છે.

1. સંવેદનશીલતાનો અભાવ મુખ્ય કહી શકાય. આજના શાસકો અને વહીવટીતંત્રમાં નૈતિકતા કરતાં વ્યવહારિક રાજકારણ વધુ હાવી થઈ ગયું છે. સરકારો ઘણીવાર આવા આંદોલનોને લાંબા સમય સુધી અવગણે છે અથવા તેને માત્ર કાયદો અને વ્યવસ્થાના પ્રશ્ન તરીકે જુએ છે.

2. મીડિયા અને સોશિયલ મીડિયાનો દુરુપયોગ એટલો વધી ગયો છે. આજના આઈટી સેલ અને માહિતીના યુગમાં કોઈ વ્યક્તિ પવિત્ર હેતુથી અનશન પર બેસે તો પણ તેના વિરોધીઓ દ્વારા કલાકોમાં આંદોલનને રાજકીય રંગ આપી દેવામાં આવે છે. મીડિયા ટ્રાયલ અને નેગેટિવ પ્રચાર દ્વારા મૂળ મુદ્દાને ભટકાવી દેવામાં આવે છે.

3. અવારનવાર નજીવા કારણોસર કે અંગત અને રાજકીય સ્વાર્થ માટે પ્રતીક ઉપવાસો થતા રહે છે, જેના લીધે સામાન્ય જનતાનો આ નૈતિક હથિયાર પરથી વિશ્વાસ ઘટ્યો છે.

જો કે, આ બધી મર્યાદાઓ હોવા છતાં, અનશન આજે પણ સંપૂર્ણપણે અપ્રાસંગિક નથી બન્યું. સોનમ વાંગચુકે સાબિત કર્યું છે કે જ્યારે આંદોલન કરનાર વ્યક્તિની છબી શુદ્ધ હોય, હેતુ નિઃસ્વાર્થ હોય અને લડાઈ જમીન સાથે જોડાયેલી હોય, ત્યારે લોકો હૃદયથી તેની સાથે જોડાય છે.

લોકો આજે પણ માને છે કે શાંતિપૂર્ણ અનશન એ હિંસક વિરોધ પ્રદર્શનો કરતાં હજાર ગણું બહેતર છે. તે આપણી સંસ્કૃતિ અને લોકશાહીની ગરિમાને જાળવી રાખે છે.

આજના સમયમાં અનશન દ્વારા મોટો સુધારો લાવવા માટે માત્ર અન્નનો ત્યાગ પૂરતો નથી. તેની સાથે ડિજિટલ પ્લેટફોર્મ્સ દ્વારા જનજાગૃતિ ફેલાવવી, દેશવ્યાપી સંગઠનોનો સાથ મેળવવો અને કાનૂની લડત પણ ચલાવવી અનિવાર્ય બની ગઈ છે.

જ્યારે અનશન પાછળ દેશના લાખો નાગરિકોનો અવાજ સોશિયલ મીડિયા પર અને રસ્તા પર એકસાથે ગુંજે છે, ત્યારે ગમે તેવી શક્તિશાળી સત્તાને પણ લોકમત સામે નમવું જ પડે છે.

અનશન એ આપણી લોકશાહીનું એક એવું પવિત્ર હથિયાર છે જેને ક્યારેય નકારી શકાય નહીં. સોનમ વાંગચુકની કથળતી તબિયતે સમાજને ઢંઢોળવાનું કામ કર્યું છે. જો અનશનનો ઉપયોગ વ્યક્તિગત સ્વાર્થથી ઉપર ઉઠીને, નૈતિક શુદ્ધતા અને જનસમર્થન સાથે કરવામાં આવે, તો તે આજના સમયમાં પણ શાસકોની ઊંઘ ઉડાડવા અને દેશમાં સકારાત્મક સુધારો લાવવા માટે સૌથી ઉત્તમ અને સચોટ માધ્યમ સાબિત થઈ શકે છે.

ભૂતકાળમાં આ માધ્યમ દ્વારા દેશમાં સામાજિક અને રાજકીય પરિવર્તનની અનેક મોટી લહેરો આવી છે, જેણે આખા દેશને એક તાંતણે બાંધીને જાગૃત કરવાનું કામ કર્યું હતું.

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

સ્માર્ટ સિટી સુરતની 'પાણીમાં ડૂબેલી' પ્રિ-મોન્સૂન કામગીરી

૭ મી જુલાઈના રોજ, માત્ર ૧૨ કલાકમાં પડેલા ૧૩ ઇંચ વરસાદે આખા સુરત શહેરને બંધક બનાવી દીધું. જે દૃશ્યો સામે આવ્યાં તે કોઈ પ્રશંસનીય 'સ્માર્ટ સિટી'નાં નહીં, પરંતુ વહીવટી તંત્રના પાંગળા આયોજન અને ભ્રષ્ટાચારનાં પ્રતીક સમાન હતાં. લગભગ બધાં જ સમાચારપત્રોમાં પણ એ વાતનો ઉલ્લેખ થયો છે કે વર્ષ ૨૦૦૬ની એ ઐતિહાસિક અને ભયંકર તાપી નદીની રેલ વખતે પણ જે વિસ્તારો અને ઘરો સુરક્ષિત રહ્યાં હતા, તે વિસ્તારોમાં આજે ઘૂંટણસમાં અને ઘરોમાં પાણી ભરાઈ ગયાં! આ કોઈ કુદરતી આપત્તિ નથી, આ માનવસર્જિત નિષ્ફળતા છે. વીજ કરંટ લાગવાથી અને પાણીમાં ડૂબી જવાથી થયેલા માસૂમોનાં મોતના સમાચાર હૃદય હચમચાવી મૂકે તેવા છે. એક જાગૃત નાગરિક તરીકે વહીવટી તંત્ર અને શાસકોને એટલી જ ટકોર કરવા માંગું છું કે, કાગળ પરના વિકાસના આંકડા અને ભ્રામક જાહેરાતો બંધ કરી, જમીની હકીકત સમજો. પ્રિ-મોન્સૂન કામગીરી માત્ર ચોમાસા પહેલાં થતો કોઈ ભ્રષ્ટાચારનો 'ઉત્સવ' નથી, તે નાગરિકોના જીવનની સુરક્ષા સાથે જોડાયેલી ગંભીર બાબત છે. જો તંત્ર પોતાની નૈતિક જવાબદારી સ્વીકારીને આયોજનપૂર્વક કામ નહીં કરે, તો સુરતની જનતાનો આક્રોશ આવનારા દિવસોમાં વધુ ઉગ્ર બનશે. આશા છે કે કુંભકર્ણની નિદ્રામાં સૂતેલું સરકારી તંત્ર જાગશે અને આગામી દિવસોમાં આવી પરિસ્થિતિનું પુનરાવર્તન ન થાય તે માટે નક્કર પગલાં લેશે.

સુરત - ચારુલતા અનાજવાળા

ધ લેજેન્ડ ઑફ ડાયરેકશન - ગુરુદત્ત

ફિલ્મોના વાર્તાકાર 8 ફિલ્મોના દિગ્દર્શક અને 14 ફિલ્મોમાં અભિનય જેટલું જ પ્રદાન છતાં આજસુધી જેમને હિંદી ફિલ્મોના એનસાયક્લોપીડિયા ગણાવાય છે એ વસંત શિવશંકર પાદુકોણ ઉર્ફે ગુરુ દત્ત શ્રેષ્ઠ દિગ્દર્શક ગણાય છે.તેમનો જન્મ 9/7/1925ના દિવસે થયો હતો. તેઓ હિંદી ફિલ્મોના નિર્માતા,નિર્દેશક,નૃત્ય નિર્દેશક પણ હતા.ટાઇમ મેગેઝિનની 100 સર્વ શ્રેષ્ઠ ફિલ્મોમાં તેમની ' પ્યાસા ' ફિલ્મનો સમાવેશ થાય છે.સીએનએનએ તેમને એશિયાના 25 શ્રેષ્ઠ દિગ્દર્શકોમાં સમાવ્યા હતા.તેઓ તેમની કલાત્મકતા અને ક્લોઝ - અપ શૉટ ઝડપવામાં તેમની નિપુણતા અને પાત્રોના ચહેરા પરની ઉદાસીનતાના ભાવોનું ચિત્રણ કરવામાં શ્રેષ્ઠ હતા. ફિલ્મોમાં તેમણે શરૂ કરેલો નવો પ્રવાહ આંતરરાષ્ટ્રિય સ્તરે અનુસરાયો હતો.અલ્મોડામાં ઉદયશંકરની નૃત્યશાળામાં તાલીમ લીધા પછી ટેલિફોન ઓપરેટર તરીકે કામ કર્યા પછી તેઓ ફિલ્મજગતમાં પ્રવેશ્યા હતા.અહીં તેમની દોસ્તી રહેમાન અને દેવાનંદ સાથે થઈ,જે જીવનભર રહી. દેવાનંદની બાઝી ફિલ્મ તેમની દિગ્દર્શક તરીકેની પહેલી ફિલ્મ હતી,જે અતિ સફળ થઈ હતી.જ્યારે લખરાની ફિલ્મ તેમની અભિનય કારકિર્દીની પહેલી ફિલ્મ હતી.નિષ્ફળ લગ્નજીવનને અંતે ગુરુ દત્તનું 10/10/1964ના દિવસે 39 વર્ષની ઉંમરે અવસાન થયું હતું.

સુરત સુરેન્દ્ર દલાલ

છૂટાછેડાની વકરતી જતી સમસ્યા

ભારતીય સમાજની પરંપરા અનુસાર લગ્ન એક પવિત્ર બંધન કહેવાય છે. સપ્તપદીના ફેરા સહિત આજીવન સાથ નિભાવવાના કોલ અપાય છે. વર્તમાન સમયમાં એ માન્યતા વિસ્મૃત થતી જણાય છે. આજે છૂટાછેડાના કિસ્સા વધુ ચર્ચાઈ રહ્યા છે. જેનાં કારણોમાં સહનશીલતાનો અભાવ, લગ્નેતર સંબંધ, દીકરીનાં માતાપિતા દ્વારા અપાતું પ્રોત્સાહન, દીકરીઓને સ્વનિર્ભર બની ગૃહકાર્યમાં રસ નથી દાખવવો. એકમેકની સાથે અનુકૂલન સાધવાની સમાધાનવૃત્તિ લગ્નજીવનને સુરક્ષા અર્પણ કરી શકે છે. બસ, અહમ્ આડે ન આવવો જોઈએ! પતિ-પત્ની બંને પાત્રોએ એકમેકનું સન્માન અવશ્ય કરવું જ